EDI

Divyabhaskar ( Gandhinagar Bhaskar)

October 7, 2008

Page No. 1

# શહેરમાં ૩૫ દેશના પ્રતિનિધિઓ ઝૂમ્યા

## અનોખા નૃત્યોત્સવથી વિદેશી મહેમાનો પ્રભાવિત થઈ ગયા હતા

**ભાસ્કર ન્યૂઝ** | ગાંધીનગર

ગાંધીનગરમાં યોજાતા ગરબાની ઝલક દેશદેશાવરમાં પહોંચી રહી છે. રવિવારે દુનિયાના ૩૫ દેશોના પ્રતિનિધિઓ અહીં કલ્ચરલ ફોરમ યોજીત ગરબામાં ઘૂમતા જોવા મળ્યા હતાં. વિદેશી મહેમાનો રવિવારે જ ઈડીઆઈમાં આવ્યા હતા અને તેઓએ ગરબે ઘુમવાનો મોકો મન ભરીને માણ્યો હતો.

ગાંધીનગરના ગરબામાં ઓસ્ટ્રેલિયા, અમેરિકા, ઉઝબેકીસ્તાન, ઈન્ડોનેશિયા, કઝાકસ્તાન, કેન્યા, આર્મેનિયા, ઈથોપિયા, નેપાળ, શ્રીલંકા, સીરિયા, પેલેસ્ટાઈન, મ્યાનમાર, બાંગ્લાદેશ, તઝાકિસ્તાન, ક્યુબા, મોંગોલિયા, જીનિવા, ટર્કી, સાઉથ આફ્રિકા, તાંઝાનિયા, કમ્બોડિયા, જ્યોર્જીયા સહિતના દેશના પ્રતિનિધિઓ ઉપરાંત રશિયાથી આવેલા ઈસ્કોન સાથે સંકળાયેલા સાધુઓએ ગરબા ગાયા હતા. અનોખા નૃત્યોત્સવથી વિદેશી મહેમાનો પ્રભાવિત થઈ ગયા હતા. તેઓએ ધાર્મિક ભાવનાથી યોજાતો આવો અનોખો ઉત્સવ પ્રથમવાર જોયા, માણ્યાનું જણાવ્યું હતું.

**સોમવારે હજ્જારો દીવડાની મહાઆરતી**

આઠમના દિવસે એટલે કે આવતીકાલે અહીં હજ્જારો દીવડાની મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું છે. ખેલૈયાઓ અને હજ્જારો પ્રેક્ષકોને પણ દીવડા આપવામાં આવશે. તેનાથી અનોખો દિવ્ય નઝારો જોવા મળશે.